PG CL પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ PG CL

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૪૧/કવા–૦૩/૧૭–૧૮/ ૨૧૧ તા. 08-01-18

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ચુનીલાલ નરશીભાઈ સોરઠીયા,
ગામ: વિંઝીવડ
તા. ગોંડલ
જી: રાજકોટ
મો: ૯૩૭૫૭ ૬૦૬૬૭

વિષય :–ભાવપત્રક ની મુદત વધારા બાબત
સંદર્ભ:– આપની અરજી , તા. ૧૦–૧૧–૧૭ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૪૧/કવા–૦૩/૧૭–૧૮ )

શ્રીમાન,

આપની ઉપરોક્ત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

(સી.જે.ગજેરા)
કા.વા. કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ....)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, ગ્રામ્ય વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વિભાગીય કચેરી ગોંડલ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, પેટા વીભાગીય કચેરી, વાસાવડ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસે લઈ અને નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

**CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com**

| કેસ નં. : સીજીઆરએફ : ૪૧/કવા–૦૩/૧૭–૧૮ | કમિટી મીટીંગ: તા. ૨૯–૧૨–૧૭ | સ્થળ : રાજકોટ |
|---|---|---|

પક્ષકાર નં.:–(૧) અરજદાર (ફરીયાદી)

અરજદાર (ફરીયાદી): નામ: ચુનીલાલ નરશીભાઈ સોરઠીયા, ગામ: વિંજીવડ

રજુઆત કરનાર: અરજદાર હાજર રહેલ ન હતા.

વિરૂધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : પેટા વીભાગીય કચેરી, વાસાવડ (કાર્યક્ષેત્ર : વિભાગીય કચેરી ગોંડલ)

રજુઆત કરનાર :વી.વી.સાકરીયા – નાયબ ઈજનેર (ટેક) – વિભાગીય કચેરી ગોંડલ

## : હુકમ :

ફરીયાદ : ભાવપત્રક ની મુદત વધારા બાબત

**મુદદા નં.–૧ :** પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત

| | |
|---|---|
| ૧ | અરજદાર શ્રી તરફથી ફોરમ સમક્ષ ની ફરીયાદ અરજી મા, તેમજ ફરીયાદ સબંધક એવી જરૂરી માહિતી રજુ કરીને, નીચે વર્ણવેલ મુદદાઓ મુજબ ની વિગતે, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૧.૧ | અરજદાર જણાવે છે કે, તેઓએ થ્રી ફેઇઝ નવુ ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે નુ ભાવપત્રક તા.૧૦–૦૯–૧૭ ના રોજ મળેલ હતુ. જે અંદાજપત્ર ભરપાઈ કરવા માટેની અંતીમ તારીખ સુધી માં તેઓ દ્વારા ભાવપત્રક ભરપાઈ થઈ શકેલ ન હતુ. ત્યારબાદ મુદત નિયમાધીન રીતે મળવા પાત્ર ન હતી. તેઓના પરીવાર નુ ગુજરાન ખેતી આધારીત હોય, તેઓને ૦૧ વર્ષ સુધીની સમયમર્યાદા વધારી આપવા માટે તેઓએ વિનંતી કરેલ છે. આમ, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે. |

**મુદદા નં.–૨ :** પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત

| | |
|---|---|
| ૨ | પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ, નીચે વર્ણવેલ વિગત મુજબ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ, વગેરે તમામ બાબતો ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ છે. |
| ૨.૧ | અરજદાર ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે, પીજીવીસીએલ પક્ષકાર તરફથી જણાવાયેલ કે – અરજદારે તા.૦૭–૦૬–૧૨ ના રોજ ૧૨.૫ હોપા ના – થ્રી ફેઇઝ નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી કરાતા – અગ્રતાક્રમ મુજબ – તા.૧૮–૦૭–૧૭ ના રોજ અંદાજપત્ર પાઠવવામા આવેલ. ત્યારબાદ, અરજદાર દ્વારા અંદાજપત્ર ભરપાઈ કરવા માટેની અંતીમ તારીખ સુધી માં – અંદાજપત્ર ભરપાઈ થયેલ ન હતુ. ત્યારબાદ, અરજદાર દ્વારા અંદાજપત્ર ની મુદત વધારવા માટે તા.૧૮–૦૭–૧૭ ના રોજ ૬૦ દિવસ ની મુદત વધારવા માટે ની અરજી કરેલ. જેની મંજુરી અત્રે ની વિભાગીય કચેરી દ્વારા આપવામા આવેલ. જેની અંતીમ તારીખ : ૧૬–૧૦–૧૭ ની હતી. ત્યારબાદ, અરજદાર દ્વારા પેટા વિભાગીય કચેરીમા તા.૧૬–૧૦–૧૭ પહેલા અરજી કરેલ ન હતી. અને તા.૧૦–૧૦–૧૭ ના રોજ ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર મા સીધી જ અરજી કરેલ હતી. |
| | ત્યારબાદ, સદર બાબતે – અરજદાર અને પીજીવીસીએલ નુ સમાધાન પત્ર તા.૦૨–૦૧–૧૮ મુજબ – અરજદાર ની બીજી નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે ની અરજી અન્વયે – અગ્રતાક્રમ મુજબ પાસ થયેલ હોય – અરજદાર ને સદર ફરીયાદ બાબતે – સદર વીજ જોડાણ ની જરૂરીયાત ન હોય – જેથી, તેઓના લેખીત સંમતીપત્ર મુજબ — સદર ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૩ :** : નિષ્કર્ષ :

| | |
|---|---|
| ૩ | ફરીયાદી અરજદાર શ્રી ની, ફોરમ સમક્ષ ની મુદદા નં. ૧ હેઠળ ની વિગતે ની ફરીયાદ અરજી, તેમજ પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદદા નં.૨ હેઠળ ની વિગતો, તેમજ લેખીત અહેવાલ, તેમજ ફરીયાદ સબંધક તમામ દસ્તાવેજીક પેપર્સ, તેમજ અભિપ્રાય સાથે નો ખાસ અહેવાલ વગેરે, બન્ને પક્ષકારો ની તમામ બાબતો, ફોરમ કમિટી તરફથી ઉંડાણપૂર્વક અભ્યાસે લેતા, સદર કેઈસ મા, ફોરમ કમિટી તરફથી નીચે મુજબ ની વિગતે નિષ્કર્ષ થયેલ છે. |

| | |
|---|---|
| ૩.૧ | અરજદાર ની મુદ્દા નં. ૧.૧ મુજબ ની વિગતેની ફરીયાદ ના અનુસંધાને – પીજીવીસીએલ પક્ષકાર તરફથી ફોરમ કમિટી સમક્ષ રજુ થયેલ મુદ્દા ન. ૨.૧ અને ૨.૨ મુજબ ની વિગતો અન્વયે સમાધાન થયેલ હોય, ફરીયાદી અરજદાર ની – બીજી અરજી અન્વયે નવા ખેતીવાડી વીજજોડાણ મેળવવા માટે અગ્રતાક્રમ મુજબ પાસ થયેલ હોય – અરજદાર ને સદર ફરીયાદ બાબતે – સદર વીજ જોડાણ ની જરૂરીયાત ન હોય – જેથી, તેઓના તા.૦૨–૦૧–૧૮ ના લેખીત સંમતીપત્ર મુજબ – સદર ફરીયાદ નુ નિરાકરણ થયેલ છે. |

મુદ્દા નં.–૪ : **હુકમ**

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદ્દા નં. ૩.૧ મુજબ ની વિગતે ની બન્ને પક્ષકારો ને જાણકારી આપવામા આવે છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
(એચ.પી.કોઠારી)
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિણય સાથે આપ સંમંત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સામે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુસમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમા ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે.